# IITGના સામાજિક પ્રદાન પર ન્યૂયોર્કમાં સુધીર જૈનનું લેક્ચર

• **સિટી રિપોર્ટર,** અમદાવાદ

'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીનો દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં અગત્યનો ફાળો છે.' આ શબ્દો છે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગરના ડિરેક્ટર સુધીર જૈનનું. 'ટોપ ટુ બોટમ - ધ રોલ ઓફ આઈઆઈટીઝ ઈન મિટીંગ ઈન્ડિયાઝ સોસાઈટીયલ નીડ્સ' વિષય પર 15 મે ના રોજ ન્યૂ યોર્કની ઈન્ડિયન કોન્સ્યુલેટ જનરલમાં ભારતમાં આઈઆઈટીઝની સામાજિક જવાબદારીઓ પર સુધીર જૈનનું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં આ ઈન્સ્ટિટ્યૂટ્સની સામાજિક પ્રવૃત્તિઓ, તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પરોપકારી પ્રવૃત્તિઓ, આઈઆઈટી ખાનપુર, દિલ્હી અને ખડગપુરના રૂરલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા ઈકોનોમિકલી અન્ડરપ્રિવિલેજ લોકો માટે હાથ ધરવામાં આવતાં રિસર્ચ પ્રોજેક્ટ્સ વગેરે વિશે વાત કરી હતી.



**પ્રો. સુધીર જૈન**

આ અંગે વાત કરતાં પ્રોફેસર જૈને જણાવ્યું હતું કે, 'દેશના નામી ઈન્સ્ટિટ્યુટમાં આઈઆઈટીની ગણના થાય છે. આ ઈન્સ્ટિટ્યૂટ્સની માત્ર 10,000 સીટ માટે દર વર્ષે પાંચ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ અરજી કરે છે.ભારતના સામાજિક અને આર્થિક વિકાસમાં પણ આ સંસ્થાઓનો અગત્યનો ફાળો છે. આઈઆઈટી ગાંધીનગર વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીની ભાવના વધે તે હેતુથી કેટલાક ખાસ પ્રોગ્રામ ડિઝાઈન કરવામાં આવ્યા છે, જેનાથી વિદ્યાર્થીઓ મુલ્યો, નીતિમત્તા અને સામાજિક જવાબદારી ભારપૂર્વક સમજી શકે. તેમની આસપાસની વસાહતની છોકરીઓને ટ્યુશન્સ આપવાનું અને તેમને એન્જિનિરિંગના ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરવાનું કામ કરે છે. તે ઉપરાંત ઈન્સ્ટિટ્યૂટના ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા કન્સ્ટ્રકશન વર્કર્સના બાળકરોને ભણાવવાનો એકર પ્રોજેક્ટ પણ શરૂ કરવામાં આવ્યો છે.